

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

## ગાંધી નિર્વાણદિને સાબરકાંઠામાં સ્વચ્છતા સફાઈ ઝુંબેશ વિષયક ચિત્ર સ્પર્ધા યોજાઈ

મહાત્મા ગાંધી નિર્વાણદિનની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત, સ્વચ્છ ગુજરાત અંતર્ગત સફાઈ-સ્વચ્છતા ઝુંબેશ વિષયક યોજાનારી રાજ્યવ્યાપી ચિત્ર સ્પર્ધાના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લામાં પણ આજે જિલ્લામાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં-મહાશાળાઓ તેમજ આઈ.ટી.આઈ. જેવી તાલીમી સંસ્થાઓ સહિત કુલ ૧૨૦૧ જેટલી શૈક્ષણિક સંસ્થાઓમાં ૧,૧૭,૯૧૩ જેટલા વિદ્યાર્થીઓ આ ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈ સ્વચ્છતા ઝુંબેશ અંગેની તેમની અભિવ્યક્તિ ચિત્રોમાં નિરૂપણ કર્યું હતું. આ ચિત્ર સ્પર્ધામાં હિંમતનગરની હિંમત હાઈસ્કૂલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટરશ્રી બંછાનિધિ પાની, અધિક કલેક્ટર શ્રી સંજય ધનાણી, અધિક પોલીસ અધિક્ષક શ્રી જ્યોતિ પટેલ સહિત જિલ્લાકક્ષાના અધિકારીઓ જોડાયા હતા.

## ડીસામાં ગ્રામીણ કૃષિ મોસમ સેવાનો તાલીમ કેમ્પ યોજાયો

ડીસા, તા.૩૦

બનાસકાંઠામાં વર્તમાન સમયમાં હવામાનના થતા ફેરફારો થી પોતાની કૃષિ પેદાશો પર પડતી વિપરીત અસરથી ચિંતિત ખેડૂતો માટે રાહત રૂપ એક તાલીમ કેમ્પ ભારતીય પૃથ્વી મંત્રાલય ભારત સરકાર દિલ્હી દ્વારા ડીસામાં ગ્રામીણ કૃષિ મોસમ સેવાનો તાલીમ કેમ્પ યોજાયો હતો. ખેડૂતોને વાતાવરણ અને પાક રક્ષનની વિશેસ સમજ અને તાલીમ અપાઈ હતી.

ભારત સરકારના ભારતીય પૃથ્વી મંત્રાલય દિલ્હી દ્વારા બદલાતા મોસમના મિજાજ સામે ખેતી પાકોનાં રક્ષણ અને માવજત માટેનો ખાસ તાલીમ કેમ્પ બનાસકાંઠાના ડીસા ખાતે યોજાયો હતો. આ કાર્યકર્મમાં મોસમ વિભાગ અને કૃષિ વિભાગના વૈજ્ઞાનિકની ટીમે ખેડૂતોને હાલની બદલાતી મોસમમાં ખેતી પાકોનું રક્ષણ અને માવજત લાગતું જ્ઞાન અપાયું હતું, તેમજ કૃષિ વિભાગ દ્વારા બદલાતી મોસમમાં અન્ય ઉપકરણ એવા ઈનફ્રેરેડ થર્મો મિટર, વર્લીંગ ભેજમાં પક યંત્ર, મહતમ તાપમાન માપક યંત્ર, તેમજ લઘુતમ તાપમાન યંત્ર, સહીતના યંત્રોની ઉપયોગીતા અને કામગીરીની પણ આ તાલીમ કેમ્પમાં ખેડૂતોને સમજ અપાઈ હતી.

કેમ્પમાં મોસમ વિભાગના વૈજ્ઞાનિક મહેન્દ્રભાઈ ચોધરીએ ખેડૂતો માટે હવામાન બાબતમાં ખેતી પાકો પર વિપરીત અસર વિગેરે બાબતો માટે ઉપયોગી માહિતી મેળવવા સરકાર દ્વારા સુવિધારૂપ એક ફ્રી હેલ્પ લાઈન નબર -૧૮૦૦૧૮૦૧૭૧૭ જાહેર કરાયો હતો. જેના પર કોઈ પણ ખેડૂત હર કોઈ સમયે ખેતી અને મોસમ વિષયક માહિતી મેળવી શકશે. જેનાથી ખેડૂતોમાં પોતાના ખેતી પાકને સુરક્ષિત અને જાળવણી હેતુની સમજ કેળવાઈ હતી.



મેઘરજ તાલુકાની પાલ્લા (ભૂ)-૨ પ્રા. શાળામાં ગાંધી નિર્વાણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકો અને શિક્ષકો દ્વારા એસએમસી કમીટીની હાજરીમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત ગાંધીજીને યાદ કરી બે મિનિટનું મૌન પાળી ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી તેમજ બાળકો અને શિક્ષકોએ સ્વચ્છતાના સંકલ્પ લેવામાં આવ્યા હતા. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ત્રણ નંબર મેળવનાર બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના આચાર્ય રવિ પટેલ અને મદદનીશ શિક્ષક ચંદ્રિકાબેન પટેલે કર્યું હતું.

## વાવના તીર્થગામે પશુપાલન તાલીમ શિબિરનો પ્રારંભ

પાલનપુર, તા. ૩૦

બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના તીર્થગામ મુકામે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહન વ્યવહાર રાજ્યમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના વરદહસ્તે તાલુકા કક્ષાની પશુપાલન તાલીમ શિબિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ પ્રાસંગીક પ્રવચન કરતાં રહ્યો નથી. તેમણે જણાવ્યું કે રાજ્યભરમાં તમામ ક્ષેત્રોમાં થયેલ ઝડપી, સર્વાંગી અને સમતોલ વિકાસથી પ્રજાની આવક અને સુખાકારીમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. મંત્રીશ્રીએ કહ્યું કે વાવ, થરાદ અને ભાભર સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં પણ વિકાસનાં સંખ્યાબંધ કામો ચાલી રહ્યાં છે. સુખાકારી અને સમૃદ્ધિ લાવવામાં વિરાટ યોગદાન આપ્યું છે.

મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે પશુપાલનનો વ્યવસાય મજુરીનો નહિ પણ મેનેજમેન્ટનો છે તથા આદર્શ મેનેજમેન્ટ કરીને સારી આવક મેળવી શકાય છે. તેમણે જણાવ્યું સારી ઓલાદની ગાયો કે ભેંસો રાખીએ તથા નવી બાબતો



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

જણાવ્યું હતું કે વિકાસ અને સુશાસનની બાબતમાં આપણું ગુજરાત વિશ્વભરમાં સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે તે આપણા માટે આનંદ અને ગૌરવની બાબત છે. તેમણે કહ્યું કે સરકારશ્રીના ગતિશીલ ગુજરાત અને વિવિધ અભિયાનો થકી વિકાસકૂચને વેગવંતી બનાવવામાં આવી છે પરિણામે રાજ્યનો કોઈ વિસ્તાર કે વ્યક્તિ વિકાસથી વંચિત મંત્રીશ્રી ચૌધરીએ જણાવ્યું કે કૃષિ મહોત્સવ અભિયાનને લીધે બનાસકાંઠા જિલ્લાના ઘણા ખેડૂતોએ નવા જ્ઞાન અને માહિતી તથા પોતાની આવડત અને મહેનતથી વિવિધ ખેતપેદાશોમાં રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ નામ રોશન કર્યું છે. તે સાથે આ જિલ્લાના પશુપાલકોએ પણ મબલખ દૂધ ઉત્પાદન કરીને શ્વેતક્રાંતિ દ્વારા સ્વીકારી તેનો અમલ કરીએ તથા સફળ પશુપાલકોમાંથી પ્રેરણા મેળવી વધુ પ્રગતિ કરીએ. તેમણે કહ્યું કે પશુપાલકો વધુ દૂધ ઉત્પાદન મેળવી શકે તે માટે સરકારશ્રી દ્વારા આવી શિબિરો તથા આરોગ્યલક્ષી વિવિધ કેમ્પ કરીને સહાય આપવામાં આવે છે. તેમણે કહ્યું કે ખેતી સાથે પશુપાલન અને ફળાઉ વૃક્ષો વાવીને સારી આવક મેળવી શકાય છે.

## ધાનેરામાં વનવિભાગની રહેમ નજર હેઠળ લીલા વૃક્ષોનું ખુલ્લેઆમ નિકંદન

ધાનેરા, તા.૩૦

બનાસકાંઠાના ધાનેરામાં છેલ્લા ઘણા સમયથી ખેતરો અને ખુલ્લી જગ્યાઓમાંથી અસંખ્ય પ્રમાણમાં લીલા વૃક્ષોનું વન વિભાગની રહેમ નજર હેઠળ નિકંદન નિકળી રહ્યું છે. જે અંગે વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. તેમ છતાં અધિકારીઓ ચુપચાપ આ તમાશો જોઈ રહ્યા છે. પરિણામે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

રાજય સરકાર વૃક્ષો વાવો- જંગલોનું રક્ષણ કરો જેવી અનેક યોજનાઓ બનાવી કરોડો રૂપિયાનું આંધણ કરે છે ત્યારે વૃક્ષો બચાવવાની જેની જવાબદારી છે તેવા વન વિભાગના કર્મચારી અધિકારીઓ લાકડાના વ્યવસાયકારો પાસેથી હપ્તા લઈ ખુલ્લે આમ વૃક્ષોનું નિકંદન ચલાવી રહ્યા છે. દરરોજ પરમીટ વગર અને પ્રતિબંધિત વૃક્ષોના લીલા લાકડાઓ ટ્રેકટરોની ટ્રોલીઓમાં રાત્રિના અંધકારમાં ધાનેરા પંથકમાં બેફામ પણે હેરાફેરી કરી રહ્યા છે.

આ ગંભીર ઘટના મામલે જવાબદાર અધિકારી કર્મચારીઓ સામે તાત્કાલિક ઉચ્ચ કક્ષાએથી કાર્યવાહી કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.



## ખેડબ્રહ્મા તાલુકામાં ગાંધી નિર્વાણ દિને ચિત્ર સ્પર્ધા યોજાઈ

મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિતે ખેડબ્રહ્મા તાલુકાની શાળાઓમાં મહાત્મા ગાંધી અને સફાઈ વિષય પર વિદ્યાર્થીઓમાં સફાઈ અંગેના ખ્યાલ વિકસે, જાતે સફાઈ કરવા પ્રેરાય તથા જીવનમાં તેનું નિરૂણ થાય તે હેતુથી શાળાઓમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડબ્રહ્મા તાલુકાની લક્ષ્મીપુરા પ્રાથમિક શાળામાં બાળકોએ દોરેલ ચિત્રોને એસએમસી અધ્યક્ષ વિવેકભાઈ પટેલે જોઈ બાળકોને બિરદાવ્યા હતા. જે પ્રસંગે આચાર્ય જ્યોત્સનાબેન પ્રજાપતિ સહીત સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ ઉપરાંત ખેડબ્રહ્માની જ્યોતિ વિદ્યાલય ખાતે સ્વચ્છતા વિષય પર બાળકોએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધેલ હતો. સંસ્થાના આચાર્ય સુરેશભાઈ પટેલ, નગરપાલિકા ચીફ ઓફીસર હરીશભાઈ અગ્રવાલ, નરેન્દ્રસિંહ પરમારે ચિત્રોનું નિરીક્ષણ કરી બાળકોને નંબર આપી બિરદાવ્યા હતા.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## ગાંધી નિર્વાણદિને પ્રાંતિજની શાળાઓમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ

પ્રાંતિજ તાલુકાની વિવિધ શાળાઓમાં ગાંધી નિર્વાણ દિને સ્વચ્છતા-સફાઈ વિષયક ચિત્ર સ્પર્ધા તેમજ શપથવિધિ કાર્યક્રમ યોજાયો હતો. ગાંધી નિર્વાણ દિન નિમિત્તે પ્રાંતિજ તાલુકાની નવા બાકલપુર, પોગલુ નાની ભાગોળ ઔદ્યોગિક સંસ્થા સહિત અનેક શાળાઓમાં મહાત્માં ગાંધી જીવનકવન વિશે માહિતી, ચિત્ર વક્તવ્ય અને સફાઈની હરિફાઈ યોજાઈ હતી. નિર્વાણ દિનના પ્રારંભે શાળાના બાળકોએ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી. અને સ્વચ્છતાના શપથ લીધા હતા. આ શાળાકીય કાર્યક્રમમાં મામલતદાર એ.એ. ડોડીયા, ટી.ડી.ઓ., ડી.વી. મકવાણા, સરપંચ તથા ગામના અગ્રણીઓ શાળા પરિવારના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ગુજરાતનું જીલ્લાનું ગૌરવ



સાબરકાંઠા જીલ્લાના હિમતનગરના જાણીતા એડવોકેટ અને સાહિત્યકાર રમેશ પટેલની દીકરી મીરા પટેલે અમદાવાદ એલ ડી એન્જીનીયરીંગ કોલેજમાં માસ્ટર ઓફ એન્જીનીયરીંગ (સિવિલ) ટ્રાન્સપોર્ટેશન માં અભ્યાસ કરતી જેમાં -થમ આવતા ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ સિવિલ એન્જીનીયર્સ એન્ડ આર્કિટેક્સ અમદાવાદ તેમજ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી અમદાવાદ બે સંસ્થાઓ ધ્વારા બે સુવર્ણચંદ્રક અને -માણપત્રો એનાયત કરી તાજેતરમાં સન્માન કરવામાં આવ્યું હતું.આમ મીરાં પટેલની નોધપાત્ર સિદ્ધિ મેળવીને સાબરકાંઠા જિલ્લાને ગૌરવ અપાવેલ છે.

## રક્તપિત પીડીતો માટે સારવાર કેમ્પ યોજાયો

સિવિલ હોસ્પિટલ અમદાવાદ દ્વારા ગુજરાત સરકારના સહયોગથી રક્તપિત રોગ ધરાવતા દર્દીઓની સારવાર માટે કેમ્પનુંઆયોજન કરવામાં આવેલ છે. સારવાર દરમિયાન અને સારવાર પૂર્ણ કર્યા બાદ રક્તપિતગ્રસ્તોના હાથ, પગ અને ચહેરાના વિવિધ જ્ઞાનતંતુઓને અસર થવાથી શારીરિક વિકૃતિઓ આવી શકે છે.

## ભિલોડાના ધોલવાણી ગામે શ્રી ઉત્તર બારેશી આંજણા ચૌધરી સમાજનો ૧૪મો સમુહસગ્નોત્સવ યોજાશે

(પ્રતિનિધિ ધ્વારા) ભિલોડા,તા.૩૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધોલવાણી ગામે પટેલ સમાજવાડી ખાતે તા.૮/૨/૧૫ ને રવીવારના રોજ ૧૨ જેટલા નવદંપતીઓ પ્રભુતામાં પગલાં માંડશે. શ્રી ઉ. બા. આંજણા ચૌધરી સેવા સમાજ, ભિલોડા, અર્બુદા સેવા ટ્રસ્ટ, ભિલોડા ધ્વારા સમુહલગ્નોત્સવ યોજાશે. મંત્રી કચરાભાઈ પટેલ, પ્રમુખ દલાભાઈ કે. પટેલ સહિત સમુહ લગ્નોત્સવ સમિતીના કાર્યકરો ધ્વારા તાડામાર તૈયારીઓ આરંભાઈ છે. સમાજમાં સામાજીક ખર્ચાઓ ઓછા થાય તેમજ શિક્ષીત યુગમાં કદમ તાલ મેળવવાના પ્રયાસો છેલ્લા ૧૪ વર્ષથી કરાઈ રહ્યા છે. શ્રીમદ્ રામજીબાપા, ધોલવાણી તેમજ અર્બુદા માતાની કૃપાથી સમાજ સંસ્કારી અને વિવેકી બને તે માટે સૌના સાથ માટે અપીલ કરવામાં આવી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦